## પ્રેસ-નોટ તા.૨૬/૦૭/૨૦૨૩

## જાફરાબાદ વિસ્તારમાં મંદિરોમાં ચોરી કરતા ઇસમને કુલ કિં.રૂ.૩૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, ઘરફોડ ચોરીના બે ગુનાઓ ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ

⇨ **ગુન્હાની વિગતઃ-**

તા.૧૭/૦૭/૨૦૨૩ ના રોજ જાફરાબાદ, લાઇટ હાઉસ પાસે, દરીયા કિનારે આવેલ સિકોતર માતાજીના મંદિરમાં દિવસ દરમિયાન કોઇ અજાણ્યો ચોર ઇસમ ગેરકાયદેસર પ્રવેશ કરી, મંદિરની દાન પેટીનું તાળુ તોડી રોકડ રૂ.૩૦૦૦/- તથા બાજુમાં આવેલ ભુતડાદાદાના મંદિરમાં રાખેલ દાનપેટનું તાળુ તોડી રૂ.૧૦૦૦/- મળી કુલ રૂ.૪,૦૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે વિક્રમભાઇ પુનાભાઇ સોલંકી, ઉ.વ.૪૦, રહે.જાફરાબાદ વાળાએ અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **જાફરાબાદ મરીન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૨૨૩ ૦૧૩૫/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૪** મુજબનો ગુનો રજી. થયેલ.

(૨) તા.૨૨/૦૭/૨૦૨૩ નાં રોજ જાફરાબાદ તાલુકાના મીતીયાળા ગામે, વાંઢ ગામના પાટીયા પાસે આવેલ શ્રી ઇન હોટલના મેદાનમાં આવેલ ખોડીયાર માતાજીના મંદિરમાં કોઇ અજાણ્યો ચોર ઇસમ મોટર સાયકલ લઇ આવી, મંદિરમાં રાખેલ દાન પેટી જેમાં આશરે રૂ.૧૦,૦૦૦/- હોય તે દાનપેટીની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે ચંદુભાઇ કાદુભાઇ શીયાળ, ઉ.વ.૫૯, રહે.જાફરાબાદ વાળાએ અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **જાફરાબાદ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૪૨૩૦૩૧૧/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૮૦, ૪૫૪** મુજબનો ગુનો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઇ કાલ તા.૨૫/૦૭/૨૦૨૩ નાં રોજ જાફરાબાદ ટાઉન તથા મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગ દરમિયાન મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે જાફરાબાદ, સામાકાંઠા વિસ્તારમાંથી એક ઇસમને પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોક્ત ચોરીમાં ગયેલ રોકડા રૂપિયા મળી આવતા, પકડાયેલ ઇસમની સઘન પુછ પરછ કરતા તેઓએ ઉપરોકત ચોરીઓની કબુલાત આપતા, તેઓને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ **પકડાયેલ આરોપીની વિગતઃ-**

પંકજ સુરેશભાઇ બાંભણીયા, ઉ.વ.૩૨, રહે. નવાબંદર, પ્રાથમિક શાળાની પાછળ, તા.ઉના, જિ.ગીર સોમનાથ હાલ રહે. જાફરાબાદ, સામાકાંઠા વિસ્તાર, તા. જાફરાબાદ, જિ.અમરેલી.

⇨ **કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-**

રોકડા રૂ.૮,૦૦૦/- તથા એક વીવો કંપનીનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/- તથા એક હીરો પેશન પ્રો. મોટર સાયકલ રજી. નં. જીજે.૩૨.એમ.૪૧૩૧ કિં.રૂ.૧૫,૦૦૦/- મળી **કુલ કિં. રૂ.૩૩,૦૦૦/- નો મુદ્દામાલ.**

⇨ **પકડાયેલ આરોપીનો ગુનાહિત ઇતિહાસની વિગતઃ-**

પકડાયેલ આરોપી વિરૂધ્ધ નીચે મુજબનો ગુના રજી. થયેલ છે.

(૧) જાફરાબાદ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૪૨૨૦૩૧૩/૨૦૨૨, એમ. વી. એકટ કલમ ૧૮૫ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસ-નોટ તા.૨૬/૦૭/૨૦૨૩</u>**

**<u>લાઠી પોલીસ સ્ટેશનના છેતરપીંડી અને વિશ્ર્વાસઘાતના કામે ૧૦ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓ દ્વારા તા.૧૦/૦૭/૨૦૨૩ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા ખાસ ડ્રાઇવનું આયોજન કરેલ હોય, **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન ભાવનગર રેન્જના જિલ્લાઓમા ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે લાઠી પો.સ્ટે. એમ કેસ નં.૦૩/૨૦૧૩, ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨), ૧૧૪** મુજબના કામે આરોપી છેલ્લા ૧૦ વર્ષથી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતો ફરતો હોય, ટેક્નીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે લાઠી મુકામેથી મજકુર આરોપીને પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ લાઠી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

કેતન કુલાભાઇ ઉર્ફે કુલજીભાઇ ઉર્ફે કુરજીભાઇ ગોંડલીયા, ઉ.વ.૪૦, રહે સુરત, એ.બી.સી. સર્કલ, સારથી સ્કાઇ એપાર્ટમેન્ટ, રૂમ નં.૧૦૦૩, મુળ રહે. અમદાવાદ, બાપુનગર, રામજી મંદિર પાછળ, ઇન્ડીયા કોલોની, પ્લોટ નં. ૭૨૫.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસ-નોટ તા.૨૬/૦૭/૨૦૨૩</u>

## <u>ધી નેગોશીએબલ ઇન્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનાં ગુનાના સજા વોરંટનાં કામે દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમરેલી એલ.સી.બી</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નામદાર કોર્ટ તરફથી બજવણી અર્થે મોકલવામાં આવતા વોરંટનાં આરોપીને પકડી પાડવા જરૂરી સુચના આપવામાં આવેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ નામ. કોર્ટ તરફથી મોકલવામાં આવતા વોરંટના આરોપી અંગે માહિતી મેળવી તેમને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસ તંત્રને જરૂરી માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** નામ. જયુડી. મેજી. ફ. ક. કોર્ટ, વડીયા નાઓનાં ક્રિમીનલ કેસમાં કસુરવાર ઠરાવી સજાનું વોરંટ ઇસ્યુ કરેલ હોય, મજકુર આરોપી સજા વોરંટની ધરપકડ ટાળવા છેલ્લા દોઢેક વર્ષથી નાસતા ફરતો હોય, મજકુર આરોપીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી, સજા માટે જિલ્લા જેલ, અમરેલી ખાતે મોકલી આપવામાં સફળતાં મેળવેલ છે.

➪ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

**કડવાભાઇ રૈયાભાઇ સાવલીયા, ઉ.વ. ૫૯, રહે. મોટી કુંકાવાવ, ઘનશ્યામનગર, તા.વડીયા, જિ.અમરેલી હાલ રહે.સુરત, વેલેન્જા ચોકડી, શેખપુર રોડ, અંબાવેલા સોસાયટી, કામરેજ જિ.સુરત.**

➪ **<u>પકડાયેલ આરોપીને નામ.કોર્ટ દ્વારા થયેલ સજાની વિગતઃ-</u>**

જયુડી. મેજી. ફ. ક. કોર્ટ, વડીયા નાઓનાં ક્રિમીનલ કેસ નંબર ૩૨૯/૨૦૧૯ નાં કામે આરોપી કડવાભાઇ રૈયાભાઇ સાવલીયા રહે.મોટી કુંકાવાવ, ઘનશ્યામનગર, તા.વડીયાને ધી નેગોશીએબલ ઇન્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનાં ગુના અંગે કસુરવાર ઠરાવી ગઇ તા.૦૬/૧૦/૨૦૨૧ નાં રોજ ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ થયેલ છે. આરોપીને નામ. કોર્ટ, વડીયા દ્વારા જારી કરવામાં આવેલ સજા વોરંટની આજ રોજ તા.૨૬/૦૭/૨૦૨૩ નાં રોજ બજવણી કરી, સજા માટે જિલ્લા જેલ, અમરેલી ખાતે સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

<u>પ્રેસ-નોટ તા.૨૯/૦૭/૨૦૨૩</u>

<u>મોટર સાયકલ ચોરી કરતા ઇસમને ચોરીના કુલ ૧૦ મોટર સાયકલ કિં.રૂ.૨,૧૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી, રાજકોટ જિલ્લા સહિત ૧૩ વાહન ચોરીઓનો ભેદ ઉકેલતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ જીલ્લામાં મિલ્કત સબંધી વણશોધાયેલા ગુન્હાઓ શોધી કાઢી, આવા ગુન્હેગારો પકડી પાડી, ચોરીમાં ગયેલ પુરેપુરો મુદ્દામાલ રીકવર કરી, મુળ માલિક ને પરત મળી રહે તે મુજબ અસરકારક કામગીરી કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ એલ.બી.ટીમ ધારી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય, તે દરમિયાન એલ.સી.બી. ટીમના હેડ કોન્સ. આદિત્યભાઇ બાબરીયાનાઓની બાતમી હકિકત આધારે ધારી, પ્રેમપરામાં માલસીકા ગામ જવાના રસ્તે, ચેકડેમની પડતર જગ્યાએથી એક ઇસમને ચોરીના ૧૦ મોટર સાયકલો સાથે પકડી પાડી, અમરેલી, રાજકોટ સહિત કુલ – ૧૩ મોટર સાયકલ ચોરીઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવેલ છે.

➡ <u>**પકડાયેલ આરોપીની વિગતઃ-**</u>

મેહુલ રાજેશભાઇ દાફડા, ઉ.વ.૨૩, રહે.ધારી, પ્રેમપરા, તા.ધારી, જિ.અમરેલી હાલ રહે.વાજડી, તા.લોધીકા, જિ.રાજકોટ.

➡ <u>**આરોપી પાસેથી મળી આવેલ મુદ્દામાલઃ-**</u>

(૧) એક હોન્ડા કંપનીનું એકટીવા મોટર સાયકલ ચેસીસ નંબર ME4JC448MB7156378 તેમજ એન્જીન નંબર JC44E5156298 કિં.રૂ.૧૦,૦૦૦/-

(૨) એક હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેના ચેસીસ નંબર MBLHA10AMEHJ62596 તેમજ એન્જીન નંબર HA10EJEHJ03004 કિં.રૂ.૨૦,૦૦૦/-

(૩) એક હીરો કંપીનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેના ચેસીસ નંબર MBLHAR086H5K04259 તેમજ એન્જીન નંબર HA10AGH5K08915 કિં.રૂ.૨૦,૦૦૦/-

(૪) એક હીરો કંપીનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેના ચેસીસ નંબર MBLHAW117M5M12368 તેમજ એન્જીન નંબર HA11EVM5M60189 કિં.રૂ.૪૦,૦૦૦/-

(૫) એક હીરો હોન્ડા કંપીનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેના ચેસીસ નંબર MBLHA10E ZBHB30840 તેમજ એન્જીન નંબર HA10EFBHB50592 કિં.રૂ.૨૦,૦૦૦/-

(૬) એક હીરો હોન્ડા કંપીનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેના ચેસીસ નંબર 04D16F05968 તેમજ એન્જીન નંબર 04015E05914 કિં.રૂ.૨૦,૦૦૦/-

(૭) એક હીરો હોન્ડા કંપીનીનું સ્પ્લેન્ડર મોટર સાયકલ જેના ચેસીસ નંબર 98L19F06154 તેમજ એન્જીન નંબર 98L17E06266 કિં.રૂ.૨૦,૦૦૦/-

(૮) એક હીરો હોન્ડા કંપીનીનું સ્પ્લેન્ડર મોટર સાયકલ જેના ચેસીસ નંબર MBLHA10EZAHM86986 તેમજ એન્જીન નંબર HA10EFAHM28489 કિં.રૂ.૨૦,૦૦૦/-

(૯) એક હીરો કંપીનીનું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ જેના ચેસીસ નંબર MBLHA10EJ8GA08740 તેમજ એન્જીન નંબર HA10EA8GA12323 કિં.રૂ.૨૦,૦૦૦/-

(૧૦) એક હીરો કંપીનીનું સ્પ્લેન્ડર પ્રો. મોટર સાયકલ જેના ચેસીસ નંબર MBLHA10ADBHE11595 તેમજ એન્જીન નંબર HA10EHBHE13195 કિં.રૂ.૨૦,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૨,૧૦,૦૦૦/- નો મુદ્દામાલ.**

**➩<u>પકડાયેલ આરોપીએ ગુનાઓની આપેલ કબુલાતની વિગતઃ-</u>**

પકડાયેલ ઇસમની સઘન પુછપરછ કરતાં, પોતે નીચે મુજબના ૧૩ મોટર સાયકલ ચોરીઓના ગુનાઓની કબુલાત આપેલ છે.

(૧) એક હોન્ડા કંપનીનુ સફેદ કલરનુ એકટીવા મોટર સાયકલ, આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર ME4JC448MB7156378 તેમજ એન્જીન નંબર JC44E5156298 લખેલ છે. આ મોટર સાયકલ આજથી આશરે એકાદ વર્ષ પહેલા ધારી, પ્રેમપરા વિસ્તારમાંથી ચોરી કરેલ હોય, જે અંગે ખરાઇ કરતા **ધારી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૮૨૩૦૩૯૭/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ** ગુનો રજી થયેલ છે.

(૨) એક હીરો હોન્ડા કંપનીનુ કાળા કલરનુ બ્લુ તથા લાલ કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્લસ મોડલનુ મોટર સાયકલ જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર MBLHA10EZBHB30840 તેમજ એન્જીન નંબર HA10EFBHB50592 લખેલ છે. જે મોટર સાયકલ આશરે એકાદ મહીના પહેલા રાજકોટ, રીલાયન્સ મોલની સામેથી ચોરી કરેલ હોય, જે અંગે ખરાઇ કરતા **રાજકોટ શહેર, રાજકોટ તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૩૨૩૦૭૨૯/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ** ગુનો રજી થયેલ છે.

(૩) એક હીરો કંપનીનુ કાળા કલરનુ બ્લુ કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્લસ મોડલનુ મોટર સાયકલ જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર MBLHA10AMEHJ62596 તેમજ એન્જીન નંબર HA10EJEHJ03004 લખેલ છે. જે મોટર સાયકલ આશરે સાતેક મહીના પહેલા **રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મેટોડા ગામની જી.આઇ.ડી.સી.ના ગેઇટ નંગર- ૧** પાસેથી ચોરી કરેલ છે.

(૪) એક હીરો કંપનીનુ કાળા કલરનુ બ્લુ તથા લાલ કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્લસ મોડલનુ મોટર સાયકલ જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર MBLHAR086H5K04259 તેમજ એન્જીન નંબર HA10AGH5K08915 લખેલ છે. જે મોટર સાયકલ આશરે છએક મહીના પહેલા **વડવાજડી તા.લોધિકા જિ.રાજકોટ**થી ચોરી કરેલ છે.

(૫) એક હીરો કંપનીનુ કાળા કલરનુ બ્લુ તથા લાલ કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્લસ મોડલનુ મોટર સાયકલ જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર MBLHAW117M5M12368 તેમજ એન્જીન નંબર HA11EVM5M60189 લખેલ છે. જે મોટર સાયકલ આશરે એકાદ મહીના પહેલા **રાજકોટ, નાના મવા, જકાતનાકા** પાસેથી ચોરી કરેલ છે.

(૬) એક હીરો હોન્ડા કંપનીનુ કાળા કલરનુ બ્લુ તથા લાલ કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્લસ મોડલનુ મોટર સાયકલ છે જે મોટર સાયકલની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર 04D16F05968 તેમજ એન્જીન નંબર 04015E05914 લખેલ છે જે મોટર સાયકલ આશરે છએક મહીના પહેલા **રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મેટોડા જી.આઇ.ડી.સી.**માંથી ચોરી કરેલ છે.

(૭) એક હીરો હોન્ડા કંપનીનુ કાળા કલરનુ બ્લુ તથા લાલ કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર મોડલનુ મોટર સાયકલ છે જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર 98L19F06154 તેમજ એન્જીન નંબર 98L17E06266 લખેલ છે. જે મોટર સાયકલ આશરે છએક મહીના પહેલા **રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મેટોડા જી.આઇ.ડી.સી., શ્રીનાથજી પાર્ક**માંથી ચોરી કરેલ છે.

(૮) એક હીરો હોન્ડા કંપનીનુ બ્લુ કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર મોડલનુ મોટર સાયકલ છે જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર MBLHA10EZAHM86986 તેમજ એન્જીન નંબર HA10EFAHM28489 લખેલ છે જે મોટર સાયકલ આશરે છએક મહીના પહેલા **વડવાજડી ગામ તા.લોધિકા જિ.રાજકોટ** ખાતેથી ચોરી કરેલ છે.

(૯) એક હીરો કંપનીનુ સીલ્વર કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્લસ મોડલનુ મોટર સાયકલ છે જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર MBLHA10EJ8GA08740 તેમજ એન્જીન નંબર HA10EA8GA12323 લખેલ છે જે મોટર સાયકલ આશરે એકાદ વર્ષ પહેલા **રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મેટોડા જી.આઇ.ડી.સી.**માંથી ચોરી કરેલ છે.

(૧૦) એક હીરો કંપનીનુ સીલ્વર કલરના પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્રો. મોડલનુ મોટર સાયકલ છે જેની આગળ પાછળની નંબર પ્લેટ નથી. જેના ચેસીસ નંબર MBLHA10ADBHE11595 તેમજ એન્જીન નંબર HA10EHBHE13195 લખેલ છે જે મોટર સાયકલ આશરે છએક મહીના પહેલા **વડવાજડી ગામ તા.લોધિકા જિ.રાજકોટ** ખાતેથી ચોરી કરેલ છે.

(૧૧) એક હીરો સ્પ્લેન્ડર પ્રો. મોટર સાયકલ જેના નંબર યાદ નથી તે મોટર સાયકલ આશરે એકાદ વર્ષ પહેલા **ધારી, મેઇન બજાર**માંથી ચોરી કરેલ છે.

(૧૨) એક હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ જેના નંબર યાદ નથી તે મોટર સાયકલ આશરે છએક મહિના પહેલા **રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના મેટોડા જી.આઇ.ડી.સી.**માંથી ચોરી કરેલ છે.

(૧૩) એક હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ જેના નંબર યાદ નથી તે મોટર સાયકલ આશરે છએક મહિના પહેલા **રાજકોટ શહેરમાં ઓમનગર** વિસ્તારમાંથી ચોરી કરેલ છે.

➡ **ગુન્હો કરવાની રીતઃ-**

પકડાયેલ ઇસમ છેલ્લા એકાદ વર્ષથી જાહેર જગ્યા, મોટર સાયકલ પાર્કિંગ થયેલ હોય તેવી જગ્યા અથવા કોઇ રહેણાંક મકાન બહાર મોટર સાયકલ પાર્ક કરેલ હોય, તેવી મોટર સાયકલોને નિશાન બનાવી, જે મોટર સાયકલમાં હેન્ડલ લોક મારેલ ન હોય, તેવા મોટર સાયકલનાં ઇલેક્ટ્રિકલ વાયરીંગના છેડા ડાયરેકટ કરી, મોટર સાયકલની ચોરી કરતો, અને બાદમાં આ મોટર સાયકલની નંબર પ્લેટ કાઢી નાખી, વેચાણ કરવા સારૂ ભેગી કરતો હતો.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસ-નોટ તા.૨૯/૦૭/૨૦૨૩</u>**

**<u>લીલીયા તાલુકાના ગોઢાવદર ગામે લુંટ કરનાર બે પરપ્રાંતીય ઇસમોને લુંટમાં ગયેલ મુદ્દામાલ સાથે પકડી પાડી, લુંટનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

⇨ <u>ગુનાની વિગતઃ-</u>

ગઇ તા.૦૭/૦૨/૨૦૨૩ ના રાત્રિના આશરે બારેક વાગ્યે અશોકભાઇ મધુભાઇ ગજેરા, ઉ.વ.૫૬, રહે.ગોઢાવદર, તા.લીલીયા, જિ.અમરેલી વાળા પોતાની ગોઢાવદર ગામે ઉંડા કેડા તરીકે ઓળખાતી સીમમાં આવેલ વાડીએ ઘઉમાં પાણી વાળવાનું કામ કરતા હોય તે દરમિયાન ત્રણ અજાણ્યા ઇસમો મોઢે બુકાની બાંધી પોતાનો સામાન્ય ઇરાદો પાર પાડવા આવી, અશોકભાઇને લાકડાના ધોકા વડે આડેધડ માર મારી, ઇજા કરી, રોકડા રૂ.૧૭૦૦/- તથા એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિ.રૂ.૭૦૦૦/- મળી કુલ કિં.રૂ.૮,૭૦૦/- ની લુંટ કરી, નાસી જઇ ગુનો કરેલ હોય, જે અંગે અશોકભાઇએ અજાણ્યા ત્રણ આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ જાહેર કરતા **લીલીયા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૩૫૨૩૦૦૨૬/૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૯૨, ૩૯૪, ૪૪૭, ૧૨૦બી, ૩૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા ગંભીર અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ આ પ્રકારના ગંભીર અનડીટેક્ટ ગુન્હાના આરોપીને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમરેલી એલ.સી.બી.ને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.બી.ટીમ** દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઇ કાલ તા.૨૮/૦૭/૨૦૨૩ નાં લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન લીલીયા, પુંજાપાદર ચોકડી પાસેથી બે ઇસમોને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, મજકુર ઇસમોની પાસેથી શંકાસ્પદ મોબાઇલ ફોન મળી આવતા મજકુર ઇસમોની સઘન પુછ પરછ કરતા ઉપરોકત લુંટના ગુનાની કબુલાત આપતા, પકડાયેલ આરોપીઓ તથા મળી આવેલ લુંટનો મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા લીલીયા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ <u>પકડાયેલ આરોપીઓઃ-</u>

(૧) મહેશ બનસિંહ બામનીયા, ઉ.વ.૩૦, રહે.ભુરીયાકુંડ, તા.ગંધવાણી, જિ.ધાર (મધ્યપ્રદેશ)

(૨) તુફાન કનસિંહ નિનામા, ઉ.વ.૨૬, રહે.ગુંગણીદેવ, તા.ગંધવાણી, જિ.ધાર (મધ્યપ્રદેશ)

⇨ <u>પકડવાના બાકી આરોપીઃ-</u>

(૧) રાજુ ગમુડાભાઇ બામનીયા, રહે.ભુરીયાકુંડ, તા.ગંધવાણી, જિ.ધાર (મધ્યપ્રદેશ)

⇨ <u>કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-</u>

એક વીવો કંપનીનો **Y-91** મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૭,૦૦૦/- તથા એક ઓપો કંપનીનો **CPH2387** મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૦,૦૦૦/- એક ટેકનો સ્પાર્ક કંપનીનો **KE5** મોડલનો એન્ડ્રોઇલ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- મળી **કુલ કિં. રૂ.૨૨,૦૦૦/- નો મુદ્દામાલ.**

⇨ <u>પકડાયેલ આરોપીઓની પુછપરછ દરમિયાન ખુલવા પામેલ હકીકતઃ-</u>

આજથી આશરે પાંચેક મહિના પહેલા પકડાયેલ બન્ને આરોપીઓ તથા સહ આરોપી રાજુ ગમુડાભાઇ એમ ત્રણેય ગોઢાવદર સીમ વિસ્તારમાં ખેત મજુરી કામ કરતા હોય, તે દરમિયાન ત્રણેય આરોપીઓ સાથે મળી ચોરી કરવાનો પ્લાન બનાવી, મોઢે રૂમાલ બાંધી, હાથમાં લાકડાના ધોકા લઇ ચોરી કરવા નિકળેલ  અને ગોઢાવદર ગામની સીમમાં એકવાડીમાં ચોરી કરવા જતા ત્યાં એક ભાઇ ઘઉમાં પાણી વાળતા હોય, તે ભાઇએ ત્રણેય ઉપર બેટરી કરતા, આ ત્રણેય આરોપીઓએ  તેમની પાસેના લાકડાના ધોકા વડે આ ભાઇને ધોકા વડે આડેધડ માર મારી તેના ખીસ્સામાંથી રોકડા રૂ.૧૭૦૦/- તથા  એક એન્ડ્રોઇડ મોબાઇલ ફોનની લુંટ કરી ભાગી ગયેલ હોવાની હકિકણ જણાવેલ છે.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.